અપીલ અરજી નં.૧૭૮ તા.૨૧–૭ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ
સામાવાળાઃ– ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૩૦–૫–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ (૧) વૃંદાવન નેનો ફલેટ, ટી.પી.નં.૪૨,પાલનપુર જકાતનાકા, (૨)પરિશ્રમ પાર્ક,ટી.પી.નં.૪૨,પાલનપુર જકાતનાકા,(૩) ગાર્ડન વ્યુ કેમ્પસ,રાંદેર વારિગૃહ નજીક, ગાર્ડનની બાજુમાં , રાંદેર રોડ,(૪) આશિર્વાદ સોસાયટી અને સુટેકસ બેંક સામે,કોટિયાર્કનગર સોસાયટી, બં. નં. ૨ની સામે નાકા ઉપર ચાલી રહેલ બાંધકામ ,(૫) રીજન્ટ નોલેજ સેન્ટર, ટીપી સ્કીમ–૧૨(અડાજણ), નવયુગ કોલેજ ની બાજુમાં,(૬) આનંદમહલ રોડ,શ્રીજી આર્કેડ સામે,(૭) અડાજણ ચાર રસ્તા,હજીરા રોડ ખાતે, અનાવીલ બીઝનેસ સેન્ટર, ટીપીએસ નં. ૧૦, (૮) રોયલ ટ્રેડ સેન્ટર,ટીપીએસનં.૧૦(૯)ગાર્ડનવેલી ટીપીએસ નં.૩૧,મેરૂલક્ષ્મી રો હાઉસ, અડાજણ,(૧૦)દિપાવિલા,એફ.પી.૧૧૭,ટીપીએ.૧૦૮,અડાજણ,સુરત. ઉપરોકત મુજબનાં તમામ બાંધકામ હાલમાં ચાલું હોઈ, આ બાબતની બાંધકામની પરવાનગી, કાયદેસરતા, માળ, ક્ષેત્રફળ,પાર્કીગ, રજાચિઠ્ઠી તથા બિલ્ડરો અને આ જમીનના મુળ માલિકો, તથા હાનગરપાલિકા તેમજ સરકારશ્રી તરફથી મેળવવાની થતી મંજુરી બાબતની સંપૂર્ણ આંકડાકીય માહિતી તથા આ બાંધકામમાં માર્જીન કે સી.ઓ.પી.ની છોડવાની થતી જગ્યા સહિતની સંપૂર્ણ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૭૮/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૩૦–૫–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ (૧) વૃંદાવન નેનો ફલેટ, ટી.પી.નં. ૪૨,પાલનપુર જકાતનાકા,(૨)પરિશ્રમ પાર્ક,ટી.પી.નં.૪૨,પાલનપુર જકાતનાકા,(૩) ગાર્ડન વ્યુ કેમ્પસ,રાંદેર વારિગૃહ નજીક, ગાર્ડનની બાજુમાં , રાંદેર રોડ,(૪) આશિર્વાદ સોસાયટી અને સુટેકસ બેંક સામે, કોટિયાર્ક નગર સોસાયટી,બં. નં. ૨ ની સામે નાકા ઉપર ચાલી રહેલ બાંધકામ ,(૫) રીજન્ટ નોલેજ સેન્ટર, ટીપી સ્કીમ–૧૨(અડાજણ), નવયુગ કોલેજની બાજુમાં,(૬) આનંદમહલ રોડ,શ્રીજી આર્કેડ સામે,(૭) અડાજણ ચાર રસ્તા,હજીરારોડ ખાતે, અનાવીલ બીઝનેસ સેન્ટર, ટીપીએસ નં. ૧૦, (૮) રોયલ ટ્રેડ સેન્ટર,ટીપીએસ નં.૧૦, (૯) ગાર્ડનવેલી ટીપીએસ નં.૩૧,મેરૂલક્ષ્મી રો હાઉસ,અડાજણ, (૧૦) દિપાવિલા,એફ.પી.૧૧૭ , ટીપીએ.૧૦૮,અડાજણ,સુરત.ઉપરોકત મુજબનાં તમામ બાંધકામ હાલમાં ચાલું હોઈ, આ બાબતની બાંધકામની પરવાનગી,કાયદેસરતા,માળ,ક્ષેત્રફળ,પાર્કીગ , રજાચિઠ્ઠી તથા બિલ્ડરો અને આ જમીનના મુળ માલિકો, તથા મહાનગરપાલિકા તેમજ સરકારશ્રી તરફથી મેળવવાની થતી મંજુરી બાબતની સંપૂર્ણ આંકડાકીય માહિતી તથા આ બાંધકામમાં માર્જીન કે સી.ઓ.પી.ની છોડવાની થતી જગ્યા સહિતની સંપૂર્ણ માહિતી આપવા બાબતે ડે.કમિ.અને જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોનના પત્ર નં. આ. નં./૨૭૧ તા.૨૮/૬/૧૧વેસ્ટઝોન તથા ડે.કમિ.(પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. ટી.ડી.ઓ./૧૨૧ તા.૨૯/૬/૧૧થી મુદ્દા નં.૫ માં જણાવ્યા મુજબની માહિતી આપેલ ન હોવાનું તથા ચાલુ બાંધકામ અંગેની માહિતી આપી ન હોવાનું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વધુમાં અરજદારે નિર્દિષ્ટ કરેલ વર્ણન વિસ્તાર ધરાવતી કોઈ દફતરી વિગત ઉપલબ્ધ છે કે કેમ ? તે પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૪૯ તા.૨૯–૭–૧૧ થી ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને નિર્દિષ્ટ બાંધકામની ઓળખ મિલકતની ઓળખ રજુ કરવા તથા જાહેર માહિતી અધિકારીને રજુ કરેલ ફી ભર્યાની નકલ રજુ કરવા તથા વધુમાં બન્ને જા.મા.અ. કક્ષાએથી કરેલ પ્રસ્તાવ અનુસાર મનપાના દફતર નિભાવણી અનુસાર મિલ્કતનો સંદર્ભ કે ઓળખ આપી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તથા જા.મા.એ પ્રસ્તાવ કરેલ તપાસણી મેળવી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૪૬૪ તા.૨–૮–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, રાંદેરઝોન તરફથી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને મુદ્દા નં.૩ થી ૮ અંગે નિયત સમય અવધિ બાદ વિલંબથી તબદીલ કર્યા અંગેના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૨૩૪ તા.૧૬–૬–૧૧ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી અરજદારને નિયત સમય અવધિમાં આપેલી માહિતી અંગે પત્ર નં. નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/ આ.નં.૨૭૧ તા.૨૮–૬–૧૧ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર

વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૨૬ તા.૮–૮–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ નોંધ વિભાગ, રાંદેરઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, અરજદારને ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૩ થી ૮ ની નિયત સમય અવધિ પૂર્ણ થયાના બીજા દિવસે આપવામાં આવેલ પત્ર નં.ટીડીઓ/૧૨૧ તા.૨૯–૬–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પાંચ અપીલ અરજીઓની પૂર્તતા અંગે તા.૩–૮–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. અરજદારની મળેલ પૂરક રજૂઆતના અનુસંધાને અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૬૧૯ તા.૯–૮–૧૧ થી બંને જાહેર માહિતી અધિકારીને " અરજદારની રજૂઆત જે જે જગ્યાએ રજાચિઠ્ઠી ડીસ્પ્લે થયેલ નથી તેના સર્વે નંબર અમોએ લખેલ નથી" તે બાબતે વૈધાનિક જોગવાઈ સહિતની વિગત પુનઃ મંગાવવામાં આવેલ.

અરજદારની તા.૩૦–૫–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન ખાતે કરવામાં આવેલ. વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/૨૩૪ તા.૧૬–૬–૧૧ થી મુદ્દા નં.૩ થી ૮ અંગે ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને વિલંબથી તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર નં.ટીડીઓ/૧૨૧ તા.૨૯–૬–૧૧ થી નિયત સમય અવધિમાં મુદ્દા નં.૩ થી ૮ ની માહિતી પૂરી પાડવામાં આવેલ. જયારે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૨૭૧ તા.૨૮–૬–૧૧ થી મુદ્દા નં.૧,૨,૯ અને ૧૦ ની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. અરજદારના અરજીના મુદ્દા નં.(૧) વૃંદાવન નેનો ફલેટ, ટી.પી.નં.૪૨,પાલનપુર જકાતનાકા, તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી વૃંદાવન નેનો ફલેટ, ટીપી નં.૪૨ પાલનપુર જકાતનાકાના પ્લાન ટીડીઓ/૨૩૧ તા.૪–૧–૧૦ થી મંજુર કરવામાં આવેલ છે. જે પ્લાનની નકલના રૂા.૨૩૦/– તેમજ રજાચિઠ્ઠીના નકલના રૂા.૨/– રાંદેરઝોન કચેરીએ ભર્યેથી મળી શકશે જે સ્વયં સ્પષ્ટ છે. તેવું જણાવેલ છે. (૨)પરિશ્રમ પાર્ક,ટી.પી.નં.૪૨,પાલનપુર જકાતનાકા, તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પરિશ્રમ પાર્ક ટીપી. ૪૨ પાલનપુર જકાતનાકા અન્વયે ફા.પ્લોટ રે.સ. નં. ની સ્પષ્ટ વિગત દર્શાવ્યેથી માહિતી આપી શકાય તેવું જણાવેલ છે. (૩) ગાર્ડન વ્યુ કેમ્પસ,રાંદેર વારિગૃહ નજીક, ગાર્ડનની બાજુમાં , રાંદેર રોડ,તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી ટીપી સ્કીમ નં.૪૨ જહાંગીરાબાદ ફા.પ્લોટ નં.૫૨ ના પ્લાનો શહેર વિકાસ વિભાગ તરફથી ટીડીઓ/ડીપી ૨૨૬ તા.૩૦–૩–૧૧ ના રોજ મંજુર થયેલ છે. રજાચિઠ્ઠી તથા પ્લાનની નકલ માટે રૂા.૪૭૦ ભરપાઈ કરવા જણાવેલ છે. (૪) આશિર્વાદ સોસાયટી અને સુટેકસ બેંક સામે, કોટિયાર્ક નગર સોસાયટી,બં. નં. ૨ની સામે નાકા ઉપર ચાલી રહેલ બાંધકામ બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી સદર બાબતે સ્પષ્ટ થતું નથી જેથી ટીપી સ્કીમ નંબર/ફા. પ્લોટ નંબર/ રે.સ. નંબર આપ્યેથી વિગતો પૂરી પાડવામાં આવશે. તેવું જણાવેલ છે. ,(૫) રીજન્ટ નોલેજ સેન્ટર, ટીપી સ્કીમ–૧૨(અડાજણ), નવયુગ કોલેજની બાજુમાં, તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી ટીપી સ્કીમ નં.૧૨ (અડાજણ) ફા.પ્લોટ નં.૨૯ ના પ્લાનો શહેર વિકાસ વિભાગ તરફથી ટીડીઓ નં.૭ તા.૬–૪–૦૯ થી મંજુર થયેલ છે. જેની રજાચિઠ્ઠી તથા પ્લાનની નકલ રૂા.૬૩૦/– ભરપાઈ કર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. (૬) આનંદમહલ રોડ,શ્રીજી આર્કેડ સામે, તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી સ્કીમ નં.૧૨ (અડાજણ) ફા.પ્લોટ નં.૭૧ માં પ્લાનો શહેર વિકાસ વિભાગ તરફથી ટીડીઓ/૨૩૪ તા.૨૩–૧૧–૧૦ ના રોજ મંજુર થયેલ છે. જેની રજાચિઠ્ઠી તથા પ્લાન રૂા.૧૯૦ભરપાઈ કર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. (૭) અડાજણ ચાર રસ્તા,હજીરારોડ ખાતે, અનાવીલ બીઝનેસ સેન્ટર, ટીપીએસ નં. ૧૦, તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અડાજણ ચાર રસ્તા પાસે ટીપી સ્કીમ નં.૧૦ અડાજણ ફા.પ્લોટ નં.૧૯ પૈકી વાળી મિલ્કતના પ્લાનો શહેર વિકાસ તરફથી ટીડીઓ/૨૪૯ તા.૮–૧૨–૧૦ ના રોજ મંજુર થયેલ છે જેની રજાચિઠ્ઠી તથા પ્લાનોની નકલ અંગે રૂા.૩૦૦/– ભરપાઈ કર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. (૮) રોયલ ટ્રેડ સેન્ટર,ટીપીએસ નં.૧૦, તેવા પ્રશ્ન નં.૩,૪,૫,૬,૭,૮ અને ૯ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રાંદેરઝોન ખાતેથી અરજી ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને તબદીલ કરવામાં આવેલ છે. જે પૈકી મુદ્દા નં.૮ અંગે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગ તરફથી રોયલ ટ્રેડર્સ સેન્ટર ટીપી સ્કીમ નં.૧૦ અડાજણ ફ.પ્લોટ નં.૪ વત્તા ૯ વાળી મિલ્કતના પ્લાનો શહેર વિકાસ વિભાગ તરફથી ટીડીઓ/ડીપી નં.૧૮૫ તા.૧૭–૬–૧૧ થી મંજુર થયેલ છે. જે અંગે રજાચિઠ્ઠી તથા પ્લાનો રૂા.૯૦૦/– નકલ ફી પેટે ભરપાઈ કર્યેથી મળી શકશે. તેવું જણાવેલ. (૯) ગાર્ડનવેલી ટીપીએસ નં.૩૧,મેરૂલક્ષ્મી રો હાઉસ,અડાજણ, તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદરેઝોન તરફથી ફા.પ્લોટ , રે.સ. નં.ની સ્પષ્ટ વિગત દર્શાવ્યેથી માહિતી આપી શકાય. તેવું જણાવેલ છે. (૧૦) દિપાવિલા,એફ.પી.૧૧૭ , ટીપીએ.૧૦૮,અડાજણ,સુરત.ઉપરોકત મુજબનાં તમામ બાંધકામ હાલમાં ચાલું હોઈ , આ બાબતની બાંધકામની પરવાનગી,કાયદેસરતા,માળ,ક્ષેત્રફળ,પાર્કીગ , રજાચિઠ્ઠી તથા બિલ્ડરો અને આ જમીનના મુળ માલિકો, તથા મહાનગરપાલિકા તેમજ સરકારશ્રી તરફથી મેળવવાની થતી મંજુરી બાબતની સંપૂર્ણ આંકડાકીય માહિતી તથા આ બાંધકામમાં માર્જીન કે સી.ઓ.પી.ની છોડવાની થતી જગ્યા સહિતની સંપૂર્ણ માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી અડાજણમાં ટીપી સ્કીમ નં.૧૦૮ કોઈ નથી જેથી જરૂરી સ્પષ્ટ વિગત જણાવ્યેથી માહિતી આપી શકાય. તેવું જણાવેલ.

જે બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અરજદારે તા.૨૧–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે.વધુમાં મુદ્દા નં.૫ માં જણાવ્યા મુજબની માહિતી મુળ અરજીમાં માંગી હોવા છતાં આપી ન હોવાથી તથા રજાચિઠ્ઠી વગરના બાંધકામ હોવા છતાં લોકેશન અંગે સ્પષ્ટતા કરવાનું તેઓ કહે છે. બાંધકામ ચાલુ હોય તો તેની માહિતી તેઓ પાસે હોવી જોઈએ છતાં ન આપી તેના કારણો. જે બાબતે મુદ્દા નં.૫ અંગે જાહેર માહિતી અધિકારી

શહેર વિકાસ વિભાગ તરફથી ટીડીઓ/૭ તા.૬–૪–૦૯ થી પ્લાન મંજુર થયાની માહિતી આપવામાં આવેલ છે. તેમજ તે અંગે રજાચિઠ્ઠી તથા પ્લાનન નકલ અંગે રૂા.૬૩૦/– ભરપાઈ કરી મેળવી શકાશે તેવું પણ જણાવેલ છે. પરંતુ તે અંગે અરજદારે નાણા ભરી માહિતી મેળવેલ છે કે કેમ? તે બાબતે કોઈ પ્રકાશ પાડેલ નથી. તેમજ જાહેર માહિતી અધિકારીએ પણ તે બાબતે કોઈ પ્રકાશ પાડેલ નથી. વધુમાં સદર વિગત સુરત મહાનગપાલિકાની વેબસાઈટ http://suratmunicipal. gov.in/content/towndevelopment/main.shtml પર પણ ઉપલબ્ધ હોવાનું જણાવેલ છે. વધુમાં અરજદારે માંગેલ માહિતી પ્લાનમાં ઉપલબ્ધ છે તેવું જણાવેલ છે. જે અંગે નિરીક્ષણ કરી રજાચિઠ્ઠી તથા પ્લાની નકલની આવશયકતા હોય તો તે મેળવી શકે છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા ન.૩ થી ૯ પૈકી નં.૪ સિવાયની તમામ વિગતો પૂરી પાડવામાં આવેલ છે તથા નં.૪ અંગે સ્પષ્ટતા કર્યેથી માહિતી આપવા તૈયારી દર્શાવેલ હોવા છતાં અરજદારની રજૂઆતને સમર્થન મળતું નથી.

વધુમાંઅરજદારને અપીલ તબકકે પાઠવેલ અત્રેથી પાઠવેલ પત્ર નં.આરટીઆઈ સેલ/૫૪૯ તા.૨૯–૭–૧૧ થી નિર્દિષ્ટ બાધકામો ઓળખ મિલ્કતની ઓળખ રજૂ કરવા જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર મનપાના દફતર નિભાવણી અનુસાર મિલ્કતનો સદર્ભ કે ઓળખ આપી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? જે બાબતે તેમના તા.૩–૮–૧૧ ના પાંચ અપીલ અરજીના પૂર્તતા પત્રમાં સ્થળ ઉપર રજાચિઠ્ઠી ડીસ્પ્લે નથી તેથી સર્વે નંબર લખેલ નથી તેવું જણાવેલ છે. પરંતુ તેના સંદર્ભે મિલ્કત બાબતે કોઈ સર્વે નંબર પ્લોટ નંબર કે ટીપી નંબર માલીકીના નામ કે ઓળખ થાય તેવી કોઈ પણ વિગતો અરજદારે રજૂ કરેલ નથી.તેમજ અરજદારે અપીલમાં રજાચિઠ્ઠી વગરના બાંધકામ હોવા છતાં લોકેશન અંગે સ્પષ્ટતા કરવાનું કહે છે. જે અંગે અધિકારીઓની રજૂઆત સુસંગત છે. કારણકે બાંધકામ સિવાય પણ મિલ્કતને ઓળખવા સર્વે નંબર, ટીપી,ઓ.પી/એફ પી. બ્લોક નંબર વિસ્તાર વિગેરે હોય છે જેના આધારે પ્લાનો પાસ થતા હોવાથી તેવા નંબરોનો મિલ્કત માટે સંદર્ભ હોવા જરૂરી છે જેથી ચોકકસ મિલ્કતની બાંધકામ અંગેની વિગતો પૂરી પાડી શકાય. સંદિગ્ધ વિગતની માહિતી આપવી તે કાયદાની જોગવાઈ સાથે સુસંગત નથી આથી અરજદારે મુદ્દા નં.૨,૯,૧૦ જાહેર માહિતી અધિકારીએ રાંદેરઝોનના પ્રસ્તાવ અનુસાર સંદિગ્ધ મિલ્કતોની માહિતી પૂરી પાડવા તથા મુદ્દા નં.૪ અંગે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસના પ્રસતાવ અનુસાર સંદિગ્ધ મિલ્કતોની માહિતી પૂરી પાડી માહિતી મેળવી શકે છે. આ સિવાય જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૩,૫,૬,૭,૮ ની મિલ્કતની નકશા તેમજ રજાચિઠ્ઠીના નાણા ભરપાઈ કરી માહિતી પૂરી પાડવા જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે તેમજ તેવી માહિતી શહેર વિકાસ વિભાગ સુમપાની વેબસાઈટ સહિત પર પણ ઉપલબ્ધ હોવાનું જણાવેલ છે. તેમજ રજાચિઠ્ઠી તેમજ પ્લાનની વિગતો અરજદારે માંગેલ માહિતી પ્લાનમાં હોવાનું જણાવેલ છે જે અંગે નિરીક્ષણ કરવા પણ જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ ધ્વારા પ્રસ્તાવ કરેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને તમામ માહિતી પૂરી પાડવા પ્રયત્ન કરેલ છે.

અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે અરજદારે મિલ્કતની ઓળખની પૂરી વિગત આપેલ ન હોવા છતાં બને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ત્રણ મુદ્દા સિવાયની વિગત પૂરી પાડેલ છે. જે સૂચવે છે કે ચાલુ બાંધકામની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએ છે અને તેથી આ અંગેની અરજદારની અપીલમાંની રજૂઆતને સમર્થન મળતું નથી. એ પણ સૂચક છે કે અરજદારે અપીલમાં જણાવ્યા મુજબ રજાચિઠ્ઠી કયાં ડીસ્પ્લે નથી તે ચોકકસ જણાવી શકયા નથી. જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ કક્ષાએથી પૂરક વિગતોમાં એ સ્પષ્ટ પણ કરેલ છે કે અરજદારે કરેલ વર્ણન વિસ્તાર મુજબની મિલ્કતો –બીલ્ડીગના નામે કોઈ પણ પ્લાનો મંજુર કરવામાં આવતા ન હોવાથી તેવી વિગતો તે સ્વરૂપમાં ઉપલબ્ધ નથી.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૫–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૩ તથા ૫ થી ૮ અંગે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસએ રજૂ કરેલ પ્રસ્તાવ અનુસાર રજાચિઠ્ઠી કે નકશાના નાણા ભરપાઈ કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે. અન્યથા જાહેર માહિતી અધિકારી શહેર વિકાસના પ્રસ્તાવ અનુસાર લાગત દફતરના નકશાઓનું ઈન્સ્પેકશન કરી અગર વેબસાઈટની મુલાકાત લઈ અરજદાર માંગેલ માહિતીની વિગતો તથા રજાચિઠ્ઠી મેળવી શકે છે. જો અરજદાર તપાસણી કરવા ઈચ્છે તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી લાગુ કિસ્સામાં આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ તપાસણી ફી ભરપાઈ કરવાની રહેશે. અરજદારની માંગણી થયે હુકમની અમલવારી કરવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસને જણાવવામાં આવે છે. તથા મુદ્દા નં. ૪ અંગે જાહેર મીહતી અધિકારી શહેર વિકાસના પ્રસ્તાવ અનુસાર દિન–૭ માં મિલ્કતની ઓળખ આપી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ અરજદાર માહિતી મેળવી શકે છે. અરજદારની ઓળખ બાદ અરજદારને દિન–૭ માં માહિતી પૂરી પાડવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)ને જણાવવામાં આવે છે.

અરજદાર મુદ્દા નં.૨,૯ અને ૧૦ અંગે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનના પ્રસ્તાવ અનુસાર મિલ્કતની ઓળખ અંગે દિન–૭ માં સ્પષ્ટતા કરી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરી માહિતી મેળવી શકે છે. અરજદારની ઓળખ બાદ અરજદારને દિન–૭ માં માહિતી પૂરી પાડવા ડે.કમિ.અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી)અને જાહેર માહિતી અધિકારી, ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી,(રાંદેરઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ